**ક્રિમીનલ ઈન્કવાયરી કેસ નંબર : ૧૩૭/૨૦૨૬**

**:: આંક–૧ લગત હુકમ ::–**

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદની સાથે રજુ દસ્તાવેજ વંચાણે લીધા. ફરીયાદીની ફરીયાદ તથા રજુ દસ્તાવેજ ધ્યાને લેતાં હાલના કામે આરોપી નં.૧ સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો બનતો હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે, આરોપી નં.૨નાઓની ચેકમાં સહી ન હોય તેઓની સામે નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનતો હોવાનું જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

**હુકમ**

(૧) હાલની ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) હાલની ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોધવાનો તથા આરોપી:–(૧) કનુભાઈ શીવાભાઈ પટેલ ઉ.આ.વ.૪૫ રહે.વાવડી, તા. માલપુર, જી.અરવલ્લીનાઓની વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબ મુદ્દત તા......./......./૨૦૨૬ના રોજ બજીને આવે તે રીતનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૮મી, માહે:જુલાઈ સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૧૮/૦૭/૨૦૨૬ | **( પી.એસ.રાઠૌડ)** |
| સ્થળ : મોડાસા. | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા. |
| | **કોડ નં. જી.જે. ૧૧૩૪** |